# ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગર સમક્ષ
## નીચેની બાબતે

**2003ના વીજળી અધિનિયમ અને 2011 ના MYT વિનિયમ અંતર્ગત ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ, બ્લોક નં. 8, ત્રીજો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર 382011 દ્વારા ભાવનગર ખાતે BECL 2 x 250 મે.વો. લિગ્નાઈટ આધારિત થર્મલ પાવર પ્રોજેક્ટના નિયમ ભાવનું પત્રક મંજૂર કરાવવા માટે ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગર સમક્ષ રજૂ કરાયેલ લિખિત અરજી નં. 1559/2016.**

**અરજદાર**

## સૂચના

ભાવનગર એનર્જિ કંપની લિમિટેડે **2003** ના વીજળી અધિનિયમની કલમ **62** અને **2011** ના **MYT** વિનિયમ અંતર્ગત ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના કારોબાર સંચાલન વિનિયમો, **2004** અને ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગર **MYT** - મલ્ટી ઈયર ટેરીફ - એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા માટેના ઢાંચા અંગેના વિનિયમ મુજબ **2015 - 16** અને **2016 - 17** (કેસ નં. **1559/2016**)ના નાણાકીય વર્ષ માટે ભાવનગર ખાતેના **2 x 250** મે. વો.ક્ષમતાના લિગ્નાઈટ આધારિત થર્મલ પાવર પ્રોજેક્ટના ભાવ નિયત કરવા માટે નામદાર આયોગ સમક્ષ અરજી કરી છે.

ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના **MYT** - મલ્ટી ઈયર ટેરીફ - એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા માટેના ઢાંચા અંગેના વિનિયમ, **2011** અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે ઉક્ત અરજી સામે જેને જે કોઈ વાંધો / સૂચન હોય અને તેઓ તે રજૂ કરવા ઈચ્છતા હોય તો તેઓએ પોતે જેના પર વિશ્વાસ કે આધાર રાખતા હોય તે દસ્તાવેજોની પાંચ નકલ સાથે પોતાના વાંધા / સૂચન, આ સૂચના પ્રસિદ્ધ કરવામાં આવે તેના **30** દિવસની અંદર સોગંદનામા સાથે સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ-**1**, માર્ગ-**5**-ગ, ઝોન - **5** , ગીફ્ટ સીટી, ગાંધીનગર - **382355** સમક્ષ રજૂઆત કરવી, અરજીમાં પોતે રૂબરૂમાં પૂછપરછ કરવામાં આવે તેવું ઈચ્છે છે કે કેમ તે સ્પષ્ટપણે જણાવવું. રસ ધરાવતા લોકો માટે અરજીની નકલ **DGM** (નાણાં અને હિસાબ), ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ, બ્લોક નં. **8**, ત્રીજો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર-**382011** ખાતે જોવા માટે ઉપલબ્ધ છે. વધુમાં રજૂ કરાયેલ અરજીનો સારાંશ રસ ધરાવતા લોકોને માટે અરજીની નકલ **DGM**, (નાણાં અને હિસાબ), ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ, બ્લોક નં. **8**, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર **382011** ની કચેરીમાંથી ₹ **40/-** (₹ ચાલીસ પૂરા)ની ચુકવણી કર્યેથી મળી શકશે. અરજીના સારાંશની નકલ ટપાલ મારફતે મેળવવા માટે વધુ ₹ **50/-** (₹ પચાસ પૂરા)ની ચુકવણી કરવાની રહેશે. આવા કિસ્સામાં કુલ રકમની ચુકવણી ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ, ગાંધનગર નામના મની - ઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટથી કરવી.

ઉપર જણાવેલ અરજીની વીજાણુ નકલ કંપનીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ્ય છે. **- http://www.becl.in**

**ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ વતી**
**(જિનલ શાહ) DGM (નાણાં અને હિસાબ)**
**ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ,**
**બ્લોક નં. - 8, ત્રીજો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર - 382011**